સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

છે અશક્તિ છતાં પણ સેન્સેક્સ કૂદકા મારે છે,
ખાય પછડાટ છતાં વિકાસ કૂદકા મારે છે,
કૂદકા મારે છે 'સભ્યો' બાંધેલા છે મૌનના ખીલે -
રક્ષા આપણી બાઈડન ખીલે કૂદકા મારે છે.

હાઈકુ

કૂદે આતંક
નાપાકના દોરડે
કાશ્મીરી ખીલે

કરો મદદ!
ભટકે ઘેર ઘેર
નબળી સત્તા

ચિંતન

મજ્જન ફળ પેખીએ તત્કાલા, કાક હોઈ પિક બકઉ મરાતા ।
સૂની આશ્ચર્ય કરે જન કોઈ, સત્સંગ મહિમા નહિ ગોઈ ॥

ઉપરોક્ત સાખી તુલસીકૃત રામાયણમાં બાલકાંડમાંથી લેવામાં આવેલ છે.

અહીં કહેવાયું છે કે સત્સંગરુપી તળાવમાં સ્નાન કરનારને તેનું પરિણામ તાત્કાલિક જ જોવા મળે છે. કાગડા જેવા ભીરુ અને અખાદ્ય ખાનાર, ખણખોદિયો માણસ પણ જો સત્સંગ રુપી તળાવમાં સ્નાન કરે તો સંસારના ક્ષીર-નીરને અલગ પાડી સાચું શું છે તે જોવાની દૃષ્ટિવાળા સંત જેવા, 'હંસ' જેવો માણસ, સત્સંગના ફળરુપે થઈ શકે છે.

અંગીલીમાલ, વાલિયો વગેરે સત્સંગરુપી સરોવરમાં સ્નાન કરનાર ઉત્તમ દૃષ્ટાંત છે. જ્યારે જ્યારે મહાપુરુષોનું સાનિધ્ય અને જ્ઞાનની પ્રસાદી મળે છે ત્યારે તેમની સદ્‌ભાવનાના પ્રકાશથી વ્યક્તિના મનની દુર્ભાવનાનો નાશ થઈ જાય છે. હકારાત્મક દૃષ્ટિ પ્રાપ્ત થતાં જ દોષદર્શન ચાલ્યું જાય છે. ઈશ્વર ચિંતન પછી તે માત્ર 'રામ' નામ હોય તો પણ તે ખૂબ જ અણમોલ છે.

સુવિચાર

- મહેલો રચીને શું કરવાનું - માણસ રચાય નહિં તો ? - **સંત રોબિન**
- સ્વર્ગની લાલસાથી કે નર્કની બીકથી જે પ્રાર્થના કરશે તેનું સ્વર્ગ દૂર રહી જશે અને નર્ક નજીક આવી જશે - **એસ. ભટાચાર્ય**
- સોંઘામાં સોંઘી ચીજમાથી જે સુખ મેળવી શકે છે તેના જેવો પૈસાદાર બીજો કોઈ નથી - **ઑસ્કાર વાઈલ્ડ**
- શેરડીનો એક પતીકો ખાવાથીયે ઈચ્છા રહી ગઈ હશે તો ફરી જન્મવું પડશે - **મા શારદામણિ દેવી**
- જેણે પોતાની પાછળ પોતાના સંતાનો દ્વારા સમાજમાં સુવાસ ફેલાવી છે તેની સંતાન-પરંપરા સમાજ માટે આશીર્વાદરુપ છે આ જ છે મનુષ્યનો સ્વર્ગલોક - **કાકા કાલેલકર**
- ઈશ્વરને નહિ માનનારા કોઈએ પણ એ માન્યતા ઘડતરમાં પકડી રાખી નથી - **પ્લેટો**
- આજનું ઔષધ : વઘરાવળમાં હળદર એક ચમચી સાથે એક કપ ગૌમૂત્ર પીવાથી ફાયદો થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મોટોરોલા નામની અમેરિકન કંપનીએ વાયરલેસ સેટ બનાવવાના પ્લાન્ટ માટે એક ઈલેક્ટ્રોનીક એન્જિનિયરની જરૂર પડી. ઘણા ઉમેદવારો હતા એવામાં દેખાવમાં સાવ સામાન્ય યુવાન પણ હતો. સૌ ઉમેદવારો પાસે ડિગ્રી તો સરખી જ હતી. આ યુવાન પાસે એવું કોઈ આકર્ષક વ્યક્તિત્વ ન હતું. મોટા હોલમાં સૌ બેઠા બેઠા પોતાના વારાની રાહ જોતા હતા એવામાં લાઉડ સ્પીકરમાંથી એક વિચિત્ર અવાજ આવ્યો. એ સાંભળીને એ ઉમેદવાર ઈન્ટરવ્યુવાળા રુમમાં પહોંચ્યો. થોડી વાર પછી એ હાથમાં એપોઈન્ટમેન્ટ લેટરલઈ ખુશ થયો બહાર નીકળ્યો સાથે એક અધિકારી પણ હતો. એણે કહ્યું, ઈન્ટરવ્યુ પૂરા થઈ ગયા છે. એક જ પોસ્ટ હતી જે આ યુવાનને મળી ચૂકી છે. બીજા ઉમેદવારોએ વિરોધ દર્શાવ્યો. ત્યારે એ અધિકારીએ ફોડ પાડીને કહ્યું, 'તમે લાઉડ સ્પીકર પર આવેલો એક વિચિત્ર અવાજ (સંકેત) સાંભળ્યો નથી. અમે એ સાંકેતિક કોડવાળી ભાષામાં એ સંદેશા પાઠવ્યો હતો કે જે એ કોડવાળી ભાષા સમજી શકે તે પ્રથમ આ રૂમમાં ઈન્ટરવ્યુ માટે આવશે અને એને અમે નોકરી આપીશું. આ યુવાને એ કોડ (સંકેતો) સાંભળીને અંદર આવ્યો એટલે અમે એને નિમણૂંક આપી દીધી છે. અમે તમારી સમજની પરીક્ષા લઈ રહ્યા હતા. પરંતુ તમારામાંથી કોઈએ એ સંકેતો સમજ્યા જ નહીં.' અધિકારીએ આગળ કહ્યું, 'આ ઉમેદવાર સફળ એટલા માટે થયો કેમ કે તેણે સતર્કતા અને સમજદારી દાખવી છે.'

ડૂબતું જહાજ ગુલબાંગો પોકારવાથી ના જ બચાવી શકાય

તંત્રીસ્થાનેથી...

રાજકીય પાર્ટીઓ નવા જમાનાના પડકારો સામે સજ્જ થવા માટે નવા કાર્યકર્તાઓની અને આગેવાનોની ભરતી કરે તે સમજી શકાય, પણ 'નવા લોહી' તરીકે પાર્ટીમાં સામેલ કરેલ યુવાન અગ્રણીઓ જ ક્યારેક અડધા પડધા ડૂબી ગયેલા જહાજને પૂરેપૂરું ડુબાડવનું શ્રેય પણ લઈ શકે. કોંગ્રેસના સુકાની તરીકે ગાંધી પરિવાર બહારના કોઈ નેતાને નહીં સ્વીકારી એને લોકપ્રિય બનાવવા કેટલાક બટકબોલા યુવાનોના સમાવેશથી એ બચી જશે એવી માન્યતા ભૂલ ભરેલી છે. કોંગ્રેસ છેલ્લા દાયકા દરમિયાન સતત ઘસાતી જતી પાર્ટી તરીકે મતદાતાના મગજમાં સ્થાપિત થયેલી પાર્ટી છે. ઘણી બધી બેઠકો પર કોંગ્રેસના નિશાન પર જીત્યા પછી એ જ નેતાઓ ભારતીય જનતા પાર્ટીનો ખેસ પહેરી લઈ પેટા ચૂંટણીમાં પાછા ભાજપના નિશાન પર ચૂંટાયા રહ્યા છે. કોંગ્રેસમાં સ્થાનિક કક્ષાથી લઈ ટોચ સુછી કોઈ શ્રદ્ધેય નેતૃત્વ નથી બચ્યું. એક જ પરિવાર હસ્તકની ખાનગી પેઢીની જેમ એનું સંચાલન થતું રહ્યું હોવાથી બીજી હરોળની મજબૂત નેતાગીરી જ તૈયાર નથી થઈ શકી. સોનિયા ગાંધી પ્રત્યે એક શહીદ વડાપ્રધાનની વિધવા તરીકેની સહાનુભૂતિ હતી એ વપરાઈ ચૂકી છે. સોનિયા ગાંધીએ જાતે વડાપ્રધાન પદ નહીં સ્વીકારી મનમોહનસિંહ જેવા સુયોગ્ય અર્થશાસ્ત્રીને આગળ ધર્યા એથી મતદાતાઓને એમના પ્રત્યે માન ઊપજ્યું હતું. પરંતુ સળંગ બે ટર્મ ભોગવીને યુપીએના સાથી પક્ષો દ્વારા આચરાતાં કૌભાંડો સામે આંખ આડા કાન કરનારા અર્થશાસ્ત્રી વડાપ્રધાન લોકનજરમાં કાળક્રમે ઊતરીગયા હતા. વળી એ ગમે તેટલા ઉત્તમ અર્થશાસ્ત્રી કે ઈમાનદાર નેતા હોય પણ એમની પાસે પોતાનો મતવિસ્તાર જ નહોતો. એમને રાજ્યસભામાંથી આવવું પડતું હતું. કોંગ્રેસ પાસે અગાઉ કેટલાક 'માસ લીડર્સ' હતા જે પોતાની ઉપેક્ષાને કારણે કાં તો નિષ્ક્રિય થઈ ગયા હતા અથવા પ્રાદેશિક પાર્ટીઓ બનાવીને બેસી ગયા હતા. શરદ પવાર અને મમતા બેનરજી મૂળે કોંગ્રેસી નેતાઓ જ હતા. કોંગ્રેસમાં જયરામ રમેશ, શશી થરૂર અને મણિશંકર ઐયર કે કપિલ સિબ્બલ જેવા બૌદ્ધિકો હતા. એ બધા કાળક્રમે હાંસિયે ધકેલાતા ગયા. એ પૈકી કેટલાકે પાર્ટીમાં 'વિઝિબલ' નેતૃત્વ હોવું જોઈએ એવી સ્પષ્ટ વાત કરી જે કોંગ્રેસનો દલ્લો સોડમાં દબાવીને બેઠેલાં ગાંધી પરિવારનાં મોવડી સોનિયાને ન ગમી. એમનો તો એક મુદ્દાનો કાર્યક્રમ રાહુલની તાજપોશીનો જ હતો અને છે. રાહુલ ગાંધી ઠોઠ નિશાળિયાં સાબિત થયા છે. આટલાં વર્ષોની તાલીમ પછી પણ એ પરિપક્વ નેતા તરીકેની ઈમેજ ઊપસાવી શક્યા નથી. એમને પિતાના પગલે યુવા બ્રિગેડ ઊભી કરી હતી. રાજીવ ગાંધીની યુવા બ્રિગેડમાં અશોક ગેહલોત, રાજેશ પાઈલટ, ગુલામ નબી આઝાદ, માધવરાવ સિંધિયા અને અહમદ પટેલ જેવા નેતાઓ હતા. રાહુલ ગાંધીએ એ જ તર્જ પર જયોતિરાદિત્ય સિંધિયા, જિતિન પ્રસાદ કે સચીન પાઈલટ જેવા યુવા નેતાઓને મહત્વ આપવા માંડ્યું હતું. જો કે એ પૈકી ઘણા એમને પૂછ્યાય વગર કેસરિયા રંગે રંગાઈ ગયા છે. જે હજી કોંગ્રેસમાં પડી રહ્યાં છે તે ભારે અજંપો અનુભવી રહ્યા છે. રાહુલ સાથે હવે પ્રિયંકા વાડ્રા પણ કોંગ્રેસના હાઈકમાન્ડનો મહત્ત્વનો હિસ્સો છે. એમણે ઉત્તરપ્રદેશના ઈન-ચાર્જ તરીકે કશું ઉકાળ્યું નથી. પંજાબમાં ઉતાવળિયો નિર્ણય કરી અમરિંદરસિંહ જેવા પ્રસ્થાપિત નેતાને અપમાનિત કર્યા અને અડૂકદડૂકિયા નવજોત સિદ્ધુને પાર્ટીનું સુકાન સોંપી દીધું છે. એનું ફળ એમને બહુ જલ્દી મળી ગયું છે. સિદ્ધુએ અને એમના કેટલાક વફાદાર સાથીઓએ ઉતાવળે પદ છોડી દીધાં છે. પંજાબનું કોકડું ઉકેલાય એ પહેલાં બિહારમાં બેગૂશરાયથી હારેલા યુવા નેતા કન્હૈયાકુમાર અને ગુજરાતમાં કોંગ્રેસના સમર્થનથી વડગામની બેઠક પર જીતેલા જિજ્ઞેશ મેવાણીને કોંગ્રેસમાં પ્રવેશ આપી રાહુલ ગાંધી ભારે આશાએશ અનુભવી રહ્યા છે. આ આભાસી ઉપલબ્ધિ છે. બલકે કન્હૈયો તો ઊલટાનો દેશ આખામાં કોંગ્રેસના ડૂબતા જહાજને બચાવવાની ગુલબાંગો પોકારતાં પોકારતાં એને છેક તળિયે પહોંચાડી દે એવી શક્યતા નકારી શકાય નહીં. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના વિદ્યાર્થી સંઘનો પ્રમુક હતો ત્યારે અફઝલ ગુરુની ફાંસી વખતે રેલી કાઢીને એણે જ દેશના ટુકડા થવાની આગાહી કરી હતી. એ વધુ પડતો ચબરાક છે એટલે ભીડ જરૂર ભેગી કરી શકશે પણ ભીડ ભેગી કરી દેવાથી ચૂંટણી જીતી શકાતી નથી. જિજ્ઞેશ મેવાણી અને હાર્દિક પટેલ જેવા યુવા નેતાઓને ગુજરાતનો પીઢ અને સંસ્કારી મતદાતા ભાગ્યે જ ગંભીરતાથી લેશે. રાહુલ ગાંધીની યુવા નેતૃત્વ દ્વારા કોંગ્રેસમાં પ્રાણ પૂરવાની અને ગુજરાત જેવા ભાજપનાં ગઢમાં સત્તાસ્થાને પહોંચવાની ગણતરીઓ ઊંધી વળવાની સંભાવના વધારે છે.

યુવાની અને ઘડપણ હાથ મિલાવી શકે તો દુનિયાના દુઃખોનો અંત સરળ બની જાય

અબીલ-ગુલાલ

મમતા રાવલ

શ્રાધ્ધના દિવસો ચાલી રહ્યા છે જેઓ આજે આપણી સાથે નથી એ વડીલોના સ્મરણો આપણે સહુ આજકાલ વાગોળી રહ્યા છીએ. આપણી ભારતીય પ્રણાલીમાં એવી અજોડ વ્યવસ્થા છે જેમાં દેવી દેવતા, પંચમહાભૂતની પૂજા સાથે પિતૃ સ્વરૂપે દિવંગત સ્વજનો ને પણ યાદ કરી અંજલી આપવામાં આવે છે.

શ્રાધ્ધના દિવસો આપણા વ્હાલસોયા સ્વજનોની યાદમાં થોડા ગમગીન અનુભવાય છે. જાણે અજાણે માનસ પટ પર એમની સાથે વીતેલો સમય તાજો થઈ જાય છે. કેટલાક સંભારણા મીઠા તો કેટલાક ખટ્ટ મધુરા તો કેટલાક કડવાશ ભર્યા પણ હોઈ શકે છે. પરંતુ છતાં પણ યાદ તરીકે એ ખૂબ મધુરા અને વ્હાલા લાગે છે. એમની યુવાની થી વૃધ્ધત્વ તરફની સફર દરમ્યાન આપણે પોતે જીવનના મહત્વના પડાવો માંથી પસાર થતા હોઈએ છીએ. એટલે રોજ સાથે રહેતી વ્યક્તિઓના ચહેરા સામે જોવાનો પણ સમય બંને પક્ષે હોતો નથી.

ઉંમરના અલગ-અલગ તબક્કે મનની સ્થિતી અલગ-અલગ હોય છે. યુવાનીમાં 'મને બધુ ખબર છે ' નો કેફ એ હદે મન પર સવાર હોય છે કે વડીલોની હાજરી પણ બંધનકર્તા લાગે છે. એમની અનુભવવાણી, બીન જરૂરી બકબક અનુભવાય છે. આ બધાનું સાચું મૂલ્ય વ્યક્તિ પરિપકવતાના ઊંબરે પગ મૂકતાં જ સમજવા લાગે છે.

વૃધ્ધત્વ, શુભ્રત્વ છે. જીંદગીમાં ડગલે-પગલે ઘસાઈને ઊજળા થયેલા લોકો આપણા વડીલ તરીકે આપણી વચ્ચે જીવે છે. એમની પાસે અનુભવનું એવું ભાથું છે જેની કિંમત આંકી શકાતી નથી. એમનું જીવન એમના સ્મરણોની આસપાસ વણાયેલું હોય છે. એમના જીવનનો ભવ્ય સુવર્ણકાળ એમના બાળપણ, યુવાની ની યાદો એમની મૂડી હોય છે. સાંભળનાર ને વીતેલા જમાનાની એ વાતો જૂનવાણી લાગતી હોય છે એટલે જ કહેવાયું હશે ' મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડીયા.હ્ય ક્યારેક થોડો સમય કાઢીને એમની એ સ્મરણયાત્રા ના સાક્ષી બનવાથી એમને તો સારું લાગે જ છે પણ આપણને પણ સારું લાગે છે.

જીવનની નવી રીતભાત પ્રમાણે જીવવું એમના માટે ઘણી કઠીન વાત છે. છતાં પણ મોટેભાગે સમાધાન કરીને સેટ થવાનો પ્રયત્ન કરતા રહે છે. દબદબાપૂર્વકનું જીવન ઉન્નત મસ્તકે જીવ્યા પછી હેતુ વિનાની સવાર-સાંજ એમના જીવનને બોઝલ બનાવે છે. સમય સાથે વાંચનમાં મર્યાદા આવે છે. જીવન સાથીનો સાથ ગુમાવી ચૂકેલા પાસે વાત કરવા માટે પાત્રો પણ ઓછા થતા જાય છે. આ બધા વચ્ચે જો દવા અને પથારીનો આશરો આવી પડે તો એમની નિસહાયતા દયનીય બની જાય છે. આવી પરિસ્થિતીમાં સહાનુભૂતિને સાથે સમાનુભૂતી પણ અગત્યની છે. તો જ આપણે આપણા વ્યવહારમાં તેમના પ્રત્યે સાચો સ્નેહ અને સન્માન દાખવી શકીશું. જે એમને જીવવાનું બળ આપનાર બની રહેશે.

સમાજમાં વડીલોના ઉપદ્રવના પણ ઘણા કિસ્સા સાંભળવા મળે છે. વડીલો પોતાની પધ્ધતિ, વિચારસરણી કે સારસંભાળમાં નાનું-મોટું સમાધાન ન ચલાવી લઈને ઘરના વાતાવરણને ડહોળી પણ શકે છે. પોતાની અપેક્ષાની પૂર્તતા માટે પરિવારની બદનામી ને પણ ક્યારેય નજર અંદાજ કરી દે છે. મિલકતની બાબતો કે પરિવારમાં વ્હાલા દવલાની નિતીથી ક્યારેક પરિવાર વેરણ છે છેરણ થયાનુ પણ સાંભળવામાં આવે છે એની સામે કેટલાક વડીલોની સોહાર્દતા અદ્વિતીય હોય છે. અનેક તબક્કે બાળકો અને પરિવાર માટે આર્થિક-માનસિક ઢાલ બનીને સાચા અર્થમાં છત્રછાયા બની રહે છે. દરેક પરિવાર અને બાળકો વડીલો તરફથી શીળી છાંયડી ઝંખે છે. એમાં સૌથી બેઝીક જરૂરિયાત તેઓની પોતાની શારિરીક સ્વાસ્થ્યની સંભાળની આવે છે. જે વડીલો પોતાની શારિરીક-માનસિક સ્વસ્થતા માટે સજાગ છે. તેઓ પરિવારના રથનું ઈંધણ બની રહે છે. કીચૂડ-કીચૂડ બોલતા પૈંડામાં એમની સમજ અને અનુભવના ઓઈલીંગથી ઘણા પ્રશ્નો સુલઝી જાય છે. તેઓના મનના સ્વાસ્થ્ય માટે પણ સતત પ્રયત્નો જરૂરી છે. યોગ્ય દવા, વિટામીન, માનસિક પ્રવૃત્તિની મદદથી મનની સતકર્તા જળવાય એ વડીલો માટે ખૂબ જરૂરી છે. જેથી તેઓ પોતાને હાંસિયામાં ધકેલાયા ના ભાવથી બચી શકે. સ્વચ્છ, સુઘડ, ઈશ્વર પરાયણ વૃધ્ધાવસ્થા જીવનને ગૌરવ બક્ષે છે.

મૃત્યુ કોઈના હાથની વાત નથી. પરંતુ હમણાં જ આપણે જોયું-સાંભળ્યું કે વિચારોના ધની, અનુભવ અને જ્ઞાનથી સમૃધ્ધ એવા વડીલ સાહિત્યકાર શ્રી યોગેન્દ્રભાઈ વ્યાસે મૃત્યુને વ્હાલું કર્યું. હલબલાવી નાંખે એવી આ ઘટના એ ઘણા પ્રશ્નો છેડી દીધા. યુવાની હોય કે વૃધ્ધત્વ મન કે વિચારો પરનો સકારાત્મક કાબૂ દરેક ઉંમર ને ગરિમા પ્રદાન કરે છે. હવે તો ઉત્તમ કેટેગરીના વૃધ્ધાશ્રમો પણ વડીલો માટે સારું આશ્રય સ્થાન બની રહ્યા છે. જ્યાં તેઓ હમઉંમર વ્યક્તિઓની હૂંફ પામે છે. બાળકો ન હોય અથવા વિદેશમાં હોય એવા વડીલો માટે આ સારો પર્યાય છે. આમ જોઈએ તો અત્યારની નવી પેઢી વડીલો પ્રત્યે ઘણી સ્નેહાળ સમજણ ધરાવે છે અને તેમની અમૂલ્ય હાજરીનું મહત્વ સમજે છે. એટલં જ જો જીવનની વાસ્તવિકતાના સ્વીકાર સાથે યુવાની અને ઘડપણ હાથ મિલાવી શકે તો દુનિયાના દુઃખો નો અંત સરળ બની જાય.

વૃદ્ધાશ્રમમાં વર્ષો વિતાવ્યાં, હવે તારા છાપરે કેમ આવું ? બટકું રોટલો ભારે પડ્યો તને, હવે મારે કાગડો થઈ કેમ ખાવું ?

લાગણીનો મેળો

રસિક વાળંદ

અનાદિ નિધનો દેવ, શંખચક્ર ગદાધર,
અક્ષય પુંડરિકાક્ષ પિતૃમોક્ષ પ્રદોભવ.

● ● ●

શ્રાદ્ધના દિવસો એટલે મહાલય પક્ષ. શ્રાદ્ધ આપણી પૂર્વીય પરંપરા છે. આપણા ઋષિમુનિઓએ સર્જેલી વિચારપ્રણાલીને કોટિ કોટિ વંદન !!

આપણા પૂર્વજોને કૃતજ્ઞતાપૂર્વક યાદ કરવાની પરંપરા વિશ્વને આપણી હિન્દુ સંસ્કૃતિના દર્શન કરાવે છે. આપણા પૂર્વજોએ આપણા કલ્યાણ માટે જાત ઘસી નાખી. લોહીનું પાણી કરી નાખ્યું. એ બધાને શ્રદ્ધાપૂર્વક યાદ કરવા અને સ્વર્ગસ્થજનો સુખ અને શાંતિ પામે એ માટે પિંડદાન અને તર્પણ કરી કૃતજ્ઞતા વ્યક્ત કરવાના મંગલ દિવસો છે, આપણે અનેક પૂર્વજોના ઋણી છીએ સાથે સાથે આપણે માથે દેવઋણ અને ઋષિ ઋણ પણ છે જ. આ તો ઋણ મુક્તિના દિવસો... જેમાં આપણે બહુ સંવેદનશીલ અને આપણી કૌટુંબિક ભાવના પ્રબળ થાય છે.

આજકાલ અવનવા શ્રાદ્ધ વિશેના મેસેજ ફોરવર્ડ થાય છે, કેટલાક મેસેજ થકી લોકોની શ્રદ્ધા વધે અને ક્યાંક શ્રદ્ધાભાવ ઘટે એવાયે હોય છે, જેના થકી સમાજમાં અંધશ્રદ્ધા વધે પણ ખરી. સાંપર્ત સમયે કોરોનાના કાળ ખપ્પર અણધાર્યા કેટલાયે સ્વજનો આપણા વચ્ચેથી ચાલ્યા ગયા... એ હજુયે વિસ્મૃત થયા નથી !! જન્મે તે મરે પણ સ્વર્ગસ્થજનો એ આપેલા ધ્યેય તરફ હું કેટલો આગળ વધ્યો તેનું સરવૈયું કાઢવાનું. અટલ મૃત્યુનો વિચાર કરવાના દિવસો છે. આપણે તો મૃત્યુને અશુભ ગણીને, મૃત પિતૃઓને અને ઋષિ તર્પણના દિવસોનેય અમાંગલિક માની બેઠા. મારી દૃષ્ટિએ આ સમજ જ ભ્રામક છે, હાર્દ તો એ જ છે કે મારા પિતૃઓની માફક હું પણ જવાનો છું, એનું સ્મરણ કરી સત્કૃત્યોનું ભાથું બાંધવા કૃતનિશ્ચિયી થવાનું છે.

સંતાન એટલે ''સમ્યક્ તનોતિ તનુ વિસ્તારે'' - પિતાએ આપેલા ધ્યેયને આગળ વધારે તે. આવા સંતાનો જ પિતાનું સાચું તર્પણ કરી શકે. આપણા પર કંઈક ઉપકાર કરે તોય આપણે તેના ઋણી કહેવાઈએ. આપણા પિતૃઓના અગણિત ઉપકારો આપણા ઉપર છે, જેઓ નિજી સ્વાર્થ તજી આપણા કલ્યાણ માટે જીવતરની સાથે જોમ આપ્યું છે, એમના માટે કંઈક તો કરવું જ જોઈએ. નહિ તો આપણે નગુણા ને નિર્માલ્ય ગણાઈએ. આ પ્રથા માત્ર ને માત્ર હિન્દુધર્મમાં જ છે, પણ આજે તો સૌ શ્રદ્ધાનું જ શ્રાદ્ધ કરી બેઠા છે. દાદા ધર્માધિકારી સાચું જ કહે છે, 'માનવજીવનના સંબંધો ભાવનાશૂન્ય, મમત્વરહિત અને યંત્રવત્ બન્યા છે.' આ દેશનું સદ્‌ભાગ્ય છે કે વિકૃતિના માર્ગે આગળ વધતા માનવને પુનઃ સંસ્કૃતિ તરફ વાળવા આવા ઉત્સવોની શૃંખલા આર્ષ દૃષ્ટા ઋષિમુનિઓને આભારી છે. શ્રાદ્ધ સંદર્ભે આધ્યાત્મિક, વૈજ્ઞાનિક, ધાર્મિક કથા-ક્રિયાકાંડથી સૌ કોઈ વાકેફ છે જ, સમજણ હોય કે ન હોય પરાપૂર્વથી ચાલી આવતી પરંપરા આજેય અકબંધ તો છે જ. સમાજમાં ભ્રાંત અને ભૂલ ભરેલી સમજને કારણે કૃતઘ્ન બનેલો માનવ કૃતજ્ઞ બને એ માટે સમજું - શાણાઓ આગળ આવે એ સમયની માંગ છે. આજે કરુણતા તો એ છે કે નવી પેઢીને આમાં ક્યાંક રસ નથી. પૂર્વજોને યાદ કરવાનું પણ તેમને મન હાસ્યાસ્પદ છે, નવી પેઢીને દાદાનું નામ યાદ હશે પણ એથી આગળના પૂર્વજોને કોઈ જાણતું જ નથી. આપણે એક સર્વ સામાન્ય વિચાર સમાજમાં વિકસાવીએ કે જે પૂર્વજોનું સ્મરણ થાય. આપણે પૂર્વજોએ રળેલી સ્થાવર જંગમ પૂંજીમાં આળોટીએ છીએ એ ન ભૂલવું જોઈએ. સ્વામી સચ્ચિદાનંદજી તો ત્યાં સુધી કહે છે કે, 'ભગવાનને દિવો નહીં કરો તો ચાલશે પણ આપણા મૃતમાતા - પિતાની તસ્વીર પર રોજ અગરબત્તી ફેરવીને તેમને મનોમન યાદ કરવા જોઈએ.'

દોસ્તો, મને તો એવું લાગે છે કે જેમ શ્રાદ્ધના દિવસે આખો પરિવાર સમૂહ ભોજન કરી - કાગવાસ નાખે છે. એમ આ પ્રતા માત્ર પરિવાર કે કોઈ સ્વજન પૂરતી સિમિત ન રહેતા. જીવનના તમામ ક્ષેત્રોમાં યોગદાન આપનાર પૂર્વ સૂરિઓને યાદ કરવાનું ગોઠવી નવો ચીલો ચાતરીએ તો કેવું ?!! આપણી કર્મકાંડી માનસિકતાએ શ્રાદ્ધ કરી નાખ્યું છે, ત્યારે શ્રાદ્ધ પર્વને કોઈ સંસ્થા, સમાજ, ગામ કે કોઈ મોટા સમુદાય સાથે જોડી તેના પાયામાં - વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપનારાં વિરલ વ્યક્તિત્વનું સ્મરણ કરીએ, ગુણાનુવાદ કરીએ તેમની યશગાથાને વર્તમાનમાં વાગોળી સાચા શ્રદ્ધાભાવથી તર્પણ કરવાનું લોકપર્વ બનાવીએ, સમૂહ ભોજનનું પણ આયોજન કરી શકાય ને ! નાનપણમાં પિતાશ્રીનો 'કાગાવાસા' નો ધારદાર રણકાર સાંભળી દેશી નળિયે કાગડા હડકે ઠઠ્ઠ જામતા ! આજે કાગડા શોધ્યે નથી જડતા !!

સ્પર્શમણિ :

વૃદ્ધાશ્રમમાં વર્ષો વિતાવ્યાં, હવે તારા છાપરે કેમ આવું ?
બટકું રોટલો ભારે પડ્યો તને, હવે મારે કાગડો થઈ કેમ ખાવું ?

● ● ●

માન એટલે મગજથી અપાતો પ્રેમ અને પ્રેમ એટલે દિલથી અપાતું મન.

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

મોનાલીસાને આઈબ્રો નથી!

નખરાળી જિંદગી

નિયતી કાપડીયા

સાચું કહેજો આજનું આ ટાઈટલ વાંચીને વિચારમાં પડી ગયા ને? ખાલી ખાલી નથી કહી રહી, આ બિલકુલ સાચું છે. તમને મારા પર ભરોસો ના હોય તો ચેક કરી લો.

આજની દુનિયામાં તમે પણ તમારા ફોનની જેમ જ અપડેટ રહો છો એવું લોકોને જણાવવા આવા અજીબોગજીબ ફેક્ટ્સ ફેંકતા શીખવું રહ્યું. જો આટલું ન કરી શક્યા તો સમજી લેજો સોશ્યલ મીડિયામાં કોઈ તમારો ભાવ નહિ પૂછે!

અહીંયા માનવ સ્વભાવની એક વિશેષતા મને દેખાય છે. જ્યાં બધુ જ સારું હોય, સુંદર હોય એના કરતાં જ્યાં થોડુંઘણું વિચિત્ર હોય, ગફ કરતું ગળા નીચે ઉતરી જાય એવું ન હોય એવી માહિતી તરફ માનવ જલદી ખેંચાઈ જાય છે! ચાલો એક પ્રયોગ કરીને મારી વાત સાબિત કરીએ, બધા નખરા જિંદગી જ શું કામ કરે થોડાક આપણેય કરી લેવાના!

તમે તમારો એડિટ કરીને અતિ સુંદર બનાવેલો એક ફોટો મીડિયામાં શેર કરો અને જુઓ કે કેટલા લોકો એને પસંદ કરે છે. હું કહું, બહુ ઓછાં લોકો એને લાઈક કરશે. હવે બે દિવસ બાદ તમારો કંઈક અંશે વિચિત્ર કહી શકાય એવો ફોટો મૂકો. વિચિત્ર એટલે રૂપિયા અને પાવલીના સિક્કા જેવડા કાણા પડેલી બંડી પહેરેલો, નાક ખોતરતો કે ચહેરા પર સાબુ લગાડી ફીણનાં ગોટે ગોટા કરીને ''પાણી આવતું બંધ થઈ ગયું, હવે શું કરું?'' એવું પૂછતો ફોટો મૂકો.

મને ખબર જ છે કે તમે બધા મારા કરતા અનેક ઘણા હોશિયાર છો, ક્રિએટિવ છો એટલે આગળ બીજા વધારે વિચિત્રવેડા તમે જાતે વિચારી જ લેશો. બસ એ ફોટો પબ્લિક વચ્ચે શેર કરો અને તમાશો જુઓ. અધધ કહી શકાય એટલી લાઈક્સ અને કૉમેન્ટ જોવા મળશે!

કારણ? કારણ એ જ કે માનવમાત્ર સ્વભાવથી વિચિત્ર છે! સહેજ ઊંડા ઉતરો તો સમજાશે કે એક માનવીથી બીજા માનવીનું સુખ નથી જોવાતું, દુઃખ નથી જોવાતું પણ એની ભૂલ, એની નબળાઈ, એની અણઆવડત વગેરે વારે વારે જોવાય છે! કોઈકની ભૂલ ઉપર હસવું એ આમ વાત છે એમાંય સોશ્યલ મીડિયામાં પાછું કૉમેન્ટ કરવાની સુવિધા એટલે શબ્દોના ટકોરા મારી ટકોર પણ થઈ જાય છે.

એક જુવાન છોકરાએ એનો બ્લૉગ લખવાનું ચાલુ કરેલું. શરૂઆતમાં એને એમ કે સમાજને કાંઈક સારું, ઉત્તમ મનોરંજન આપુ. એણે કેટલાય ખ્યાતનામ લેખકોને વાંચી કાઢ્યા અને એમાંથી મળેલા ઉત્તમ વિચારો જે તે લેખકના નામ સહિત બ્લૉગ પર મૂકવાનું ચાલુ કર્યું. જે દસેક જણાએ એની નોંધ લીધી એ બધા એના ભાઈબંધો હતા.

છોકરાને થયું કે આજનો માણસ બહુ દુઃખી છે એને હસવું આવે એવું કાંઈક લખું. એણે જોક્સ મૂકવાનું ચાલુ કર્યું. વાંચનારા વધ્યા ખરા પણ હજી આંકડો સોને પાર નહોતો કરી શક્યો. કોઈકે એને કહ્યું, વિડિયો બનાવ. એ છોકરાએ એના વિડિયો બનાવ્યા. શરૂઆતમાં થોડી ભાષણબાજી કરી, પછી રમુજી ડાયલોગ કહ્યા અને છેલ્લે નાચવાનું ચાલુ કર્યું ત્યારે માંડ સો ઉપર લોકો એને પસંદ કરતા થયા.

એક દિવસ એ નવરો બેઠો એની જમણા હાથની સૌથી નાની આંગળીથી ડાબી બાજુનો કાન ખોતરી રહ્યો હતો, એ કાર્ય કરવા માટે એ સહેજ વચિત્ર રીતે વાંકો વળેલો હતો ત્યાં એની નજરે બારી બહાર મસ્તી કરી રહેલા એક વાંદરો-વાંદરી ચઢ્યાં. અચાનક છોકરાને કંઈ સુજ્યું અને એણે કાન ખોતરવાનું મુલતવી રાખી ફોન હાથમાં લીધો અને એ વાંદરા વાંદરીની ફિલ્મ ઊતારી એને પોતાના બ્લૉગ ઉપર, યુટ્યુબ પર મૂકી. સાથે લખ્યું કે કાશ ભગવાને મને પણ વાંદરો બનાવ્યો હોત!

થોડાક કલાકોમાં એ વીડિયોને હજાર લોકોએ જોયો અને લાઈક કર્યો સાથે ચિત્રવિચિત્ર કૉમેન્ટ્સનો વરસાદ પણ થયો. છોકરાને હવે જઈને ખબર પડી કે લોકોને શું જોવું, શું વાંચવું ગમે છે અને પછી એ નીકળી પડ્યો હાથમાં ફોન લઈને, દુનિયામાં સહજ રીતે ઘટતી રહેતી ઘટનાઓને શૂટ કરી જાણે આજે જ કંઈક નવું બન્યું હોય એવા કેપ્શન સાથે લોકો સામે મુકવાની હોડમાં...

ખેર, આ રસ્તે એ કેટલો સફળ થશે એની મને ખબર નથી પણ એનો જે છેલ્લો વિડિયો મેં જોયેલો એમાં એણે એને એક માજીને, રામ જાણે કઈ રીતે, તૈયાર કરીને ''પરંમ્ પરંમ્ પરંમ્ સુંદરી× ગીત ઉપર ડિસ્કો ડાન્સ કરાવેલો. એ વીડિયોને પાછો હજારો લોકોએ માણેલો અને વખાણેલો બોલો...

તમારે પણ જો સોશ્યલ મીડિયા પર છવાઈ જવું હોય તો તમારા જમણા હાથની સૌથી નાની આંગળી વડે ડાબો કાન ખોતરવો અને એ સ્થિતિમાં જે દેખાય, જે અંતઃસ્ફુરણા મળે એના ઉપર કામ કરવું-કોઈ તમને આવી મોંમાથા વગરની સલાહ આપે અને તમે એનો વિશ્વાસ કરી શકતા હો તો તમે સોશ્યલ મીડિયામાં સો ટકા ટકી જવાના!

એક જગ્યાએ પતિપત્ની વચ્ચે અણબનાવ હતો. છૂટાછેડા લેવાનો ઈરાદો પાક્કો થઈ ગયેલો ત્યાં એક દિવસ દાઝમાં ને દાઝમાં પતિએ પત્નીની બળેલી રોટલીનો ફોટો ઓનલાઈન મૂકી એની હરાજી કરી, સાથે લખ્યું કે ઘર ખર્ચ માટે હું મહિને રોકડા ત્રીસ હજાર આપુ છું બદલામાં મને આવી રોટલી ખાવા મળે છે! આના બદલામાં કોઈ મને કાણી પાઈ પણ આપી શકે? હેસટેગ મિસ્સિંગ માના હાથનો રોટલો!

પત્ની આ પોસ્ટ જોઈ ધૂંવાપૂંવા થઈ ગઈ અને એણે કેરોસીનથી ચાલતા સ્ટવનો ફોટો શેર કરી લખ્યું, ગેસનો બાટલો ખાલી થયે સાડા ચૌદ દિવસ થયા, કેરોસીન મળતું નથી અને માનો લાડકો પપ્પાની પરીની મજબૂરી સમજવાને બદલે બળેલી રોટલીના ફોટા શેર કરે છે! હેસટેગ પરી પુરાણી પિંજરામાં!

પતિપત્ની બંનેએ થોડાક દિવસ પોતાની આવડત દેખાડી આવી બીજી પોસ્ટ મૂકી અને ત્યાં જ એમનું ધ્યાન ગયું કે આજ સુધી ક્યારેય નહોતી મળી એટલી લાઈક્સ અને કૉમેન્ટ્સ આવી રહી છે! લોકો એમની પોસ્ટની રાહ જોવે છે અને પછી એ બંને વચ્ચે સમજૂતી કરાર થયા.

હવે પતિપત્ની ઓનલાઈન ઝઘડો કરે છે ને ઘરમાં સંપીને રહે છે! નવરા પડતા જ આગળ કયા મુદ્દે ઝઘડો કરવો છે એની ચર્ચા કરે છે અને એકમેકને શું કહી નીચા પાડવા એ પણ શીખવે છે. ટુંક સમયમાં એમના રિલ્સ આવ્યા અને અદભૂત સફળ પણ થયા! લોકોનું એમના પર છૂટાછેડા લઈ લેવાનું અસહ્ય દબાણ છે જેને હવે એ લોકો હસી નાંખે છે..

અમસ્તું,

લોકો હવે માનવીના કારનામા જોવે છે, સારા ખોટાની પડપૂછમાં કોઈ નથી પડતું! કોણ જાણે ક્યાં જઈને અટકીશું...

@KapadiaNiyati